અનુ.જાતિ તથા વિચરતી અને વિમુકત
જાતિના લોકો માટેની વ્યકિતગત
**ધોરણે ગૃહ નિર્માણની યોજના.**

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: વમસ/૧૦૯૭/૨૪૩૬/હ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૭ /૧/૧૯૯૯.

**વંચાણે લીધા :-**

૧. સરકારશ્રીના સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનટીડબલ્યુ/૧૨૮૨/ ૧૩૪૫૭/૫૧૦/જ. તા.૩/૬/૮૩.
૨. સરકારશ્રીના સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક: વમસ/૧૨૮૮/૧૪૩૯/૧/ખ. તા.૨૫/૧/૮૯.
૩. સરકારશ્રીના સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક: એસસીડબલ્યુ ૨૦/૮ ખ. તા.૧૦/૧/૯૦.
૪. સરકારશ્રીના સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક: વમસ/૧૨૮૯/૧૦૨૨/ખ. તા.૭/૩/૯૦.
૫. સરકારશ્રીના સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક: વમસ/૧૨૮૮/મા.૯૭/ખ. તા. ૩૧/૩/૯૨.
૬. સરકારશ્રીના સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક: વમસ/૧૨૪૮/૧૪૩૯/(૧)/ખ. તા.૧૮/૩/૯૩.
૭. સરકારશ્રીના સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક: વમસ/૧૨૯૩/૬૨૧/ખ. તા.૨૬/૮/૯૩.
૮. સરકારશ્રીના સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક: વમસ/૧૦૯૫/૧૮૩૭/(૯૬)/ છ. તા.૨/૧૨/૯૬.
૯. સરકારશ્રીના સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક: વમસ/૧૦૯૭/૫૫૭/છ. તા.૧૫/૯/૯૭.

**ઠ રા વ :-**

આમુખમાં જણાવેલા તા.૩/૬/૮૩ ના ઠરાવથી અનુ.જાતિ તથા વિચરતી અને વિમુકત જાતિના લોકો માટે મકાન બાંધકામ માટે સહાયરૂપ થવા માટે સરકાર ધ્વારા વ્યકિતગત ધોરણે ગૃહનિર્માણની યોજના અમલમાં મૂકાયેલ છે.

ત્યારબાદ આમુખમાં જણાવેલ વખતોવખતના ઠરાવોથી સહાયના ધોરણો, આવક-મર્યાદા તેમજ ટોચની કિંમતમાં વધારો કરેલ જેની જોગવાઈઓ નીચે મુજબ હતી.

૨........

(૧) મકાનની ટોચની કિંમત રૂા.૨૦,૦૦૦/- (વીસ હજાર પુરા.)
(૨) મકાન સહાયની રકમ રૂા.૬૪૦૦/- સુધીની વાર્ષિક આવક ધરાવનાર ઈસમો માટે રૂા.૧૨,૦૦૦/- તેમજ રૂા.૧૨૦૦૦/- સુધીની વાર્ષિક આવક ધરાવનાર ઈસમોને રૂા.૯,૦૦૦/- ની સહાય ચૂકવવામાં આવે છે.
(૩) લાભાર્થીનો શ્રમફાળો રૂા.૧૦૦૦૦/- કે થયેલ ખર્ચ તે બેમાંથી જે ઓછું હોય તેના ૧૦ % પ્રમાણે એટલે કે વધુમાં વધુ રૂા.૧,૦૦૦/- શ્રમફાળો ગણવામાં આવે છે.

ઉપરોકત સહાયનો દર તા.૩૧/૩/૯૨ ના ઠરાવથી નિયત કરવામાં આવ્યો હતો. ત્યારબાદ વધતી જતી મોંઘવારી બાંધકામની સામગ્રીની કિંમતના ઉત્તરોત્તર વધારો થતાં અનુ.જાતિના ગરીબ લોકો વર્તમાન નાણાંકીય સહાય તેમજ ટોચની કિંમતમાં મકાન બાંધવા અસમર્થ હોઈ તેમજ આવકમર્યાદા વધી જતી હોઈ અનુ.જાતિના ઈસમો તરફથી આવારનવાર વાર્ષિક આવકમર્યાદા સહાયની રકમમાં વધારો કરવાની રજુઆતો થતી હતી. જેને કારણે વાર્ષિક આવકમર્યાદા મકાનની ટોચની કિંમત તથા નાણાંકીય સહાયનો દર વધારવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. આ બાબતો પુખ્ત વિચારણાને અંતે સરકારશ્રીએ તા.૧૫/૯/૯૭ ના ઠરાવથી નીચે મુજબના સુધારેલ દરોએ સહાય આપવાનું ઠરાવેલ છે.

(૧) મકાનની ટોચની કિંમત રૂા.૩૦૦૦૦/- (ત્રીસ હજાર પુરા.) રહેશે.
(૨) મકાન સહાયની રકમ રૂા.૨૦૦૦૦/-(વીસ હજાર પુરા.) રહેશે.
(૩) લાભાર્થીની આવક મર્યાદા રૂા.૨૪૦૦૦/- (ચોવીસ હજાર પુરા.)રહેશે.
(૪) અતિ પછાત જાતિના ઈસમોને આવક મર્યાદાના બાધ વિના સહાય આપવાની રહેશે.

૩. ઉપર્યુકત તા.૧૫/૯/૯૭ ના ઠરાવના ધોરણે જ અનુ.જાતિના તથા વિચરતી વિમુકત જાતિના લોકોને ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગુજરાત હાઉસીંગ બોર્ડ, કે સ્લમ કલીયરન્સ બોર્ડ મારફત મકાન બનાવવા સહાય આપવાનું તા.૧૯/૯/૯૮ ના ઠરાવથી નિયત કરવામાં આવેલ છે.

૪. આ યોજનાનો લાભ નીચે જણાવેલ લાભાર્થીઓને મળી શકશે.

(૧) મકાન વિહોણા/ઘરવિહોણા વ્યકિત કે જેઓને પંચાયત અને ગ્રામગૃહનિર્માણ વિભાગની યોજના હેઠળ મફત ઘરથાળનો પ્લોટ ફાળવવામાં આવેલ હોય અને જેઓ કબજો ધરાવતા હોય તેવા અનુ.જાતિ, વિચરતી અને વિમુકત જાતિના લોકો કે જેમને કોઈ ગૃહનિર્માણ યોજના હેઠળ લાભ ન મળ્યો હોય તેને લાભ મળી શકશે.
(૨) ગ્રામ પંચાયતના ચોપડે મકાન તરીકે નોંધાયેલ હોય તોપણ તદ્દન કાચું ગાર-માટીનું ઘાસ પૂળાનું ઝુંપા ટાઈપનું મકાન કે જે રહેઠાણ માટે યોગ્ય ન હોય તે ધરાવનાર

ઈસમને પણ આ યોજનાનો લાભ મળવાપાત્ર છે.

(૩) ગ્રામપંચાયતના રેવન્યુ/સીટીસર્વેના અથવા અન્ય સંસ્થા કચેરીના દફતરે જમીનનો પ્લોટ નોંધાયેલ જ હોય તો પણ જો આવી અરજદાર વ્યક્તિઓ કબજો ધરાવતી હોય મિલકત વેરો ભરવાનો દાખલો રજૂ કરે તો તેઓને પણ આ સહાય મળવાપાત્ર થશે.

(૪) રેવન્યુ/સીટી સર્વે વગેરેમાં જમીનનો પ્લોટ નોંધાયેલ ન હોય તો પણ જો રજીસ્ટર દસ્તાવેજોથી નોંધાયેલ હોય તો મિલકત તબદીલ થઈ હોય તેવી જમીનના પ્લોટોના કબજેદારોને પણ આ સહાય મળવાપાત્ર થશે.

(૫) શહેરી વિસ્તારોમાં શહેરી ગરીબો માટે કે અન્ય યોજના નીચે ૪૦ ચોરસવાર કે ૧૦૦ ચોરસવાર સુધી ખુલ્લો પ્લોટ ધરાવનાર વ્યક્તિઓને પણ આ સહાય મળવાપાત્ર થશે.

(૬) વારસાઈથી મિલકત પ્રાપ્ત કરેલ હોય અને તે અંગે રેવન્યુ રાહે સર્વે રેકર્ડમાં નોંધ ન થઈ હોય પરંતુ કુલ મિલકત ધારણ કરનાર તથા તેના વારસદારો આવી જગ્યા ઉપર મકાન બાંધવા માટેની જો સંમતિ આપતા હોય તો આવા પ્રત્યક્ષ કબજો ધરાવનાર વારસદારોને પણ આ સહાયનો લાભ આપી શકશે.

(૭) રાવણીયા/રાવળા અને અન્ય ઈનામી જમીનોના કાયદા/ નિયમો નીચે પ્રાપ્ત કરેલ જમીનો અંગે પણ જો કોઈ મહેસુલી કે સાટા સર્વે રેકર્ડમાં નોંધાયેલ ન હોય પરંતુ તેઓના લાંબા સમયથી પ્રત્યક્ષ કબજો હોય તો તેઓને પણ સહાય મળવાપાત્ર રહેશે. પરંતુ લાભાર્થી ખરેખર કબજો ધરાવે છે કે કેમ તેની ખાત્રી ખાતાના અધિકારીઓ/કર્મચારીઓએ કરવાની રહેશે.

(૮). ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ/ ગુજરાત હાઉસીંગ બોર્ડ/ ગુજરાત રાજ્ય કારીગર-સ બોર્ડની પ્રવર્તમાન યોજનાઓ હેઠળ લાભાર્થી મકાન બાંધવા માંગે તે બોર્ડ મારફતે અરજી કરવાથી બોર્ડની દરખાસ્તના આધારે સહાય મંજૂર કરવામાં આવશે અને મંજૂર થયેલ રકમ જે તે બોર્ડ હસ્તક મૂકવામાં આવશે. પરંતુ અન્ય શરતોને ધ્યાને લઈને આ સહાય ચૂકવવામાં આવશે.

૫. આ યોજનાનો અમલ નીચે જણાવેલ અધિકારીઓએ કરવાનો રહેશે. આ યોજનાનો અમલ જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી તથા જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી દ્વારા કરવામાં આવશે.

૬. ઠરાવમાં નિયત થયેલી શરતો પ્રમાણે લાભાર્થી યોજનાનો લાભ મેળવવા પાત્ર છે કે કેમ તેની પૂરી ચકાસણી જે તે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી/સમાજકલ્યાણ અધિકારીની રહેશે.

૭. યોજનાની શરત બહાર સહાયનું ચૂકવણું થયેલ માલુમ પડશે તો તે ક્ષતિ માટે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીને જવાબદાર ગણીને ખોટી રીતે ચૂકવાયેલ રકમ તેમની પાસેથી વસુલ કરવામાં આવશે.

૮. મકાન સહાયની માંગણી માટે આવતી અરજીઓ તારીખ પ્રમાણે ગોઠવી મંજુર કર્યા બાદ અગ્રતાક્રમ પ્રમાણે સહાય મંજુર કરવામાં આવશે.

૯. સહાય ચૂકવણીની પધ્ધતિ :-

સહાયની રકમ ત્રણ હપ્તામાં ચૂકવવાની રહેશે. જે પૈકી પ્રથમ હપ્તો ૫૦ ટકા બીજો હપ્તો ૨૫ ટકા અને ત્રીજો હપ્તો ૨૫ ટકા રહેશે. પ્રથમ હપ્તો ~~મંજુર~~ અરજી મંજુર થયે બીજો હપ્તો છાબા(રૂફ) લેવલ સુધીનું બાંધકામ પૂર્ણ થયાનું અંગેનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી અને ત્રીજો હપ્તો ~~મકાન~~ મકાન બાંધકામ સંપૂર્ણ થયા અંગેનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ચૂકવવામાં આવશે. ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા પંચાયતના ઓવરશીયર અને શહેરી વિસ્તારમાં રાજ્ય સરકાર મ્યુનિસિપલ કોર્પોરેશન કે નગરપાલિકાના મદદનીશ ઇજનેર કે તેથી ઉપરની કક્ષાના અધિકારીઓ આવા પ્રમાણપત્રો આપવાના રહેશે.

૧૦. આ યોજનાનો લાભ અંત્યોદય યોજના પ્રમાણે એટલે કે સૌથી ગરીબ માણસને પ્રથમ લાભ આપવાનો રહેશે. એટલે કે સૌથી ઓછી આવક ધરાવનારને પ્રથમ મકાન સહાય મંજુર કરવાની રહેશે. આ જોગવાઇનો અમલ અત્યંત કાળજીથી કરવાનો રહેશે.

ઉપરોકત તમામ જ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૧. આ ઠરાવ માત્ર સરળ સમજૂતીના હેતુ માટે બહાર પાડવામાં આવે છે. જેથી આ અંગે ઉદ્ભવતી બાબતોની વિશેષ સમજૂતી કે ચોકકસ અર્થઘટન માટે ઉપર જણાવેલ જે તે સમયના મૂળ હુકમોની જોગવાઇ અને પ્રવર્તમાન અમલમાં રહેલી આનુષાંગિક પ્રસ્તુત જોગવાઇમાં જ આધારરૂપ ગણવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( વિ. મ. પરમાર )
ઉપસચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

નકલ રવાના પ્રતિ,
નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.